






# પ્રગટ અનુભવ જ્ઞાનસૂત્રો

## શ્રેણી-૨૧

૧

**સાધુ એને જ કહેવાય જે દૃષ્ટિવાળો હોય અને દૃષ્ટિએ કરીને આજ્ઞાવંત હોય. એના સિવાય સાધુ ના કહેવાય !**

૨

**अपमान जीतना digest हो सके उतना 'मान' निकल जाता हैं ।**

૩

**'કૃપા' કરી શકાય છે ! એટલે જેટલા કર્તાભાવથી છૂટ્યા હોય એટલી કૃપા કરી શકાય !! એટલે કર્તાભાવથી છૂટવું એ મહત્ત્વનું છે.**

૪

**Intellectual knowledge is a perishable knowledge based on Egoism.**

૫

**વ્યવહાર આખો બાકી રહ્યો ! એ કયો વ્યવહાર ? તો કહે, કે કારકપણાનો (કર્તાપણાનો) ભૂલનો વ્યવહાર ! ભૂલવાળો વ્યવહાર બાકી રહ્યો અને એ ભૂલમાંથી નીકળવા માટે 'સમભાવે નિકાલ'ની આજ્ઞા છે.**

૬

**'વ્યવસ્થિત શક્તિ' કર્તા છે એવું બોલાય નહીં ! એ ક્યારે બોલી શકો કે કાળથી મુક્ત થાવ તો જ. કાળથી મુક્ત ક્યારે થાવ ? તો કહે, કર્મથી મુક્ત થાવ તો ! કર્મથી અને માયાથી મુક્ત થાવ તો એટલે કે 'કાળ, કર્મ અને માયા'થી મુક્ત થાવ ત્યારે 'વ્યવસ્થિત' કર્તા બોલાય.**

૭

આ પ્રકૃતિનો બગીચો એ ખરેખર બગીચો છે, આમ ખાલી શબ્દસ્વરૂપે નથી. બહાર આપણે જે બગીચો જોઈએ છીએ એ બગીચો નથી, ખરો બગીચો આ. બહાર બગીચો છે એ તો આ બગીચો સાચો છે એ સમજવા માટે પેલો બહારની બગીચો છે. દરેક પ્રકૃતિનું positiveપણું એ બગીચાપણું છે.

૮

'પ્રશસ્ત રાગ' એ મોક્ષને માટે helping છે, છતાં સરવાળે તો એનાથી પણ છૂટ્યા વગર છૂટકો નથી.

૯

કોઈ પણ પરિસ્થિતિ હોય પણ પરિણામે તો સંયમ જ ઉપજવું જોઈએ.

૧૦

દરેક વ્યક્તિને પોતપોતાના પુદ્‌ગલની speciality હોય છે. એ speciality, એનાથી જ એ અટકાઈ રહેલો હોય છે, ઝલાઈ રહેલો હોય છે ! જેનાથી એ છૂટી શકે નહીં. એ speciality પૌદ્‌ગલિક છે ! જેનાથી એ અટકેલો છે ત્યાં આગળ એને ખટકોય નથી લાગતો. એ જો દરેક જણ અંદર ઊતરી સમજી લે અને એમાંથી નીકળી જાય તો કામ થઈ જાય !

૧૧

જેટલી અટકણ એટલી ચંચળતા.

૧૨

'વ્યવસ્થિત' શું ? એ કેવી રીતે સમજવું ? તો કહે, કે 'વ્યવસ્થિત' બીજું કશું નથી, પરંતુ અવસ્થિતનું જેટલું જેટલું થયેલું હોય છે તે 'વ્યવસ્થિત'માં પરિણમે છે. અવસ્થિત એટલે શું ? અવસ્થામાત્રમાં અવસ્થાસ્વરૂપે ન હોતા એકાકારપણે હોવું. એ અવસ્થિતપણું શરીર અને આત્માના સાથે હોવાપણામાં જે અવસ્થિતપણું થઈ ગયું છે એના કારણે આ 'વ્યવસ્થિત' ચીતરાય છે. 'વ્યવસ્થિત' બધું સૂક્ષ્મતાવાળું પણ પૌદ્‌ગલિક છે. પૌદ્‌ગલિક એટલે કેવું ? તો કહે, નિશ્ચેતન--ચેતન સ્વરૂપ !





૧૩

ગમે તે પરિસ્થિતિમાં, ગમે તે સંજોગોમાં પણ વ્યક્તિએ પોતાનું હિત જોઈ લેવાનું ! એનો નિશ્ચય એ બધું એના હાથમાં છે, એ એની સત્તા છે. બહારનું અંદર કશુંય પેસતું નથી.

૧૪

આજ્ઞાધર્મમાં તમારું જેટલું રહેવાપણું અને તમારી જેટલી sincerity મન--વચન-કાયાની, એટલું જ તમારું સીમંધર સ્વામી પાસે જવાનું તૈયારીપણું !

૧૫

'જોવા-જાણવાનો' સ્વભાવ એ તો 'શુદ્ધાત્મા'નો છે અને 'File No-1' એણે આજ્ઞામાં રહેવાનું છે. આજ્ઞામાં કેવી રીતે રહેવાનું ? તો કહે, 'ફાઈલો'નો નિકાલ થાય એ રીતે રહેવાનું ! નિકાલ કેવી રીતે થશે ? તો કહે, હું શુદ્ધાત્મા છું' અને શુદ્ધાત્મા-દૃષ્ટિ સાથે છું ! એટલે 'ફાઈલોના સમભાવે નિકાલ'માં જ રહેશું. હવે 'સમભાવે નિકાલ' કોને કહેશો ? તો કહે, આપણી ઉધારી ચુકવાઈ જાય એ રીતે રહેવું ! પુણ્યનો ભાગ એનો પણ 'સમભાવે નિકાલ' કરવાનો છે અને પાપનો ભાગ એનો પણ 'સમભાવે નિકાલ' કરવાનો છે. 'શુદ્ધાત્મા--દૃષ્ટિ' સિવાય 'સમભાવે નિકાલ' શક્ય જ નથી.

૧૬

'જોવું' અને 'જાણવું' એ 'ખ્યાલ' અને 'સમજ' એ બે શબ્દથી સમજાય. 'ખ્યાલ' એ 'જોવા'માં જાય અને 'સમજ' એ 'જાણવા'માં જાય. 'ખ્યાલ'માં આવેલું જેમ જેમ ચોખ્ખું થતું જશે તેમ તેમ 'સમજ' automatic આવતી જશે.

૧૭

દેવું ના હોય એવો ધંધો સારો ? તો કહે, હા ! પણ એ ધંધો કેવી રીતે કરે ? તો કહે, જે છે એ જાય નહીં એવી રીતે કરે !

૧૮

સંયોગોને આધીન હોય એ બધું જન્મને આધીન હોય, અને જન્મને આધીન

હોય એ બધું મરણને આધીન હોય જ.

૧૯

વાપરવી પડે એને 'સિદ્ધિ' ના કહેવાય, એ તો એની મેળે જ કામ કર્યા કરે. વાપરવી પડે એ બધી રિદ્ધિ અને લબ્ધિ !

૨૦

'લઘુભાવ' એ સિદ્ધિ છે.

૨૧

આપણને જે 'Real દૃષ્ટિ' મળી છે એ જ સુદર્શન !

૨૨

Natural એટલે શું ? તો કહે, જેટલા ભાગમાં અને જેમ જેમ જેટલી ફાઈલોના જે ઋણાનુબંધ સંબંધો છે તે પ્રત્યેક સંબંધોમાં જેટલો ઋણાનુબંધના ભાગનો હિસાબ ચૂકતે થઈ ગયેલો હોય તેટલો ભાગ 'Natural' કહેવાય.

૨૩

'ક્રમબદ્ધપર્યાય' એ દરઅસલ તો મુક્તિ પામ્યા પછી જ છે, એટલે કે 'જિતેન્દ્રિય જિન' શબ્દનો પ્રયોગ મુક્તિ માટેનો જ છે, એટલે એ પદ પ્રાપ્ત થયા પછી જે બાકીની અવસ્થાઓ છે—એટલી જ ક્રમબદ્ધપર્યાય સ્વરૂપ ગણાય ! તેની આગળનું બધું જ ક્યારેય પણ ક્રમબદ્ધપર્યાય સ્વરૂપે ઉચ્ચારાય નહીં, કહેવાય નહીં. જે વ્યવહાર બાકી રહ્યો 'સમભાવે નિકાલ' કરવાનો એટલા ભાગને 'ક્રમબદ્ધપર્યાય' લાગુ પડે છે.

૨૪

આપણે ''જ્ઞાની પુરુષ''ના ચરણોમાં ભ્રાંતિ સમર્પણ કરી, લઘુભાવને પામ્યા ! 'વ્યવહારદૃષ્ટિ' જે કોઈ દિવસ ઝૂકતી ન હતી તે ઝૂકી ગઈ !!

૨૫

પોતાની ભૂલ સમજી એના પર હસવું એને 'હસવું' કહેવાય, પરંતુ બીજાની ભૂલ પર હસવું એ તો બહુ મોટી ભૂલ કહેવાય.





પ્રગટ જ્ઞાની પુરુષ પરમ પૂજ્યશ્રી કનુદાદાજીની અનુભવ જ્ઞાનવાણી

૨૬

આ Material livingમાં non-material livingથી રહેવાનું, તો Material living પણ ideal living થાય.

૨૭

ઉદાસીન means without opinion.

૨૮

Bliss is one of the qualities of shuddhatma (Pure Self). It is permanent. 'Joy' એ તો dualityવાળું છે અને એ પણ Temporary, થોડા સમય પછી તમને એકદમ sorrowful લાગે. જ્યારે Bliss તો continuously રહ્યાં જ કરે. Bliss એટલે સુખ. સુખ એને કહેવાય જે કાયમનું હોય અને આપણે જેને સુખ સમજીએ છીએ એ હકીકતમાં happinessને સુખ સમજીએ છે. Happiness તો dualityવાળી છે.

૨૯

ભેદવિજ્ઞાન એટલે કે જે બે Separate Entity છે, એ બે Separate Entityને એ Separate Entity તરીકે જ આપણને Understand કરાવે અંદરથી !

૩૦

Development થાય એટલે Separateness વધે ! એટલે Degree વધે, Relative degree વધે. Relative degree વધે એટલે શું થાય ? તો કહે, શુદ્ધાત્મા પરનું cover remove થાય ! એ cover thin થાય એટલે શુદ્ધાત્માનું light વધારે બહાર આવે, એટલે એ lightથી આપણને વધારે દેખાતું જાય અને શુદ્ધાત્માની qualities વધારે open out થતી જાય અને એનું Blissful State જે છે તે વધારે establish થાય and you feel more and more Blissful.

૩૧

બળ કોને કહેવાય ? તો કહે, માનસિક બળને જ 'બળ' કહેવાય !

૩૨

શરીર સાથે પ્રત્યક્ષ હોય અને એમને આપણે સમર્પણ થયા હોઈએ અને એમણે આપણું સમર્પણ સ્વીકાર્યું હોય અને આપણે એમને 'ગુરુ'પદે સ્થાપ્યાં હોય તો એ આપણા 'ગુરુ' કહેવાય. પ્રત્યક્ષ યોગને જ 'ગુરુ' કહે છે.

૩૩

ઉઘાડી આંખે, પૂરી સભાનતાએ હોય એને 'સમાધિ' કહેવાય. આંખો બંધ કરી, દેહનું ભાન ના રહે એને 'સમાધિ' ના કહેવાય.

૩૪

એવા પ્રકારનું પુણ્ય કે જે પુણ્ય આપણને એવા પ્રકારના ભાવ કરાવડાવે કે આ ઘણું થયું, હવે કાંઈ મુક્તિ મળે, હળવાશ થાય અને હાશ થાય તો સારું ! એટલે સંસાર અને સંસારભાવોથી કંઈક છૂટવાનો ભાવ થવો જોઈએ, એ પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય છે.

૩૫

'આપ્ત' એ છેલ્લામાં છેલ્લું વિશેષણ છે, નિર્વિશેષ પદ ખુલ્લું થયા પછીનું વિશેષણ છે ! નિર્વિશેષ પદ એટલે વ્યવહારની કોઈ પણ **simile** કે ઉપમા તમે લાગુ ના કરી શકો, એવું એ **State of Being**નું આ ''જ્ઞાની''પદ એવું છે.

૩૬

આ કાળમાં માન્યતામાં ભેદ પડે, પરંતુ ધર્મની આરાધનના પ્રકારોમાં ભેદ ના પડવો જોઈએ. અહીંયાં સનાતન ત્રણ મંત્રોનું ભેગું મહત્ત્વ ભારતમાં પ્રગટ્યું !

૩૭

પરમ વિનયની છેલ્લામાં છેલ્લી વ્યાખ્યા ? તો કહે, આપ્તતા ! એટલે કે આ દેહમાં જે રીતે હું શુદ્ધાત્મા છું એ જ રીતે હું બધામાં છું ! ક્યાંય કોઈ પણ જાતની જુદાઈ કે ભેદ ના લાગે, સંપૂર્ણપણે અભેદ !!



પ્રગટ જ્ઞાની પુરુષ પરમ પૂજ્યશ્રી કનુદાદાજીની અનુભવ જ્ઞાનવાણી

૩૮

આ પુદ્‌ગલને આપણે ઓળખ્યું જ નથી અને એને ના ઓળખવાના કારણે આપણે આ કાળમાં બંધાઈ ગયા છીએ. બાકી 'કાળ' સ્વભાવથી બંધન કરે એવો નથી !

૩૯

'નિવૃત્તિ', **Retirement** એટલે મન-વચન-કાયાથી નિવૃત્ત અને પાછું એની જોડે રહેવાનું. નિવૃત્ત એટલે સક્રિય-નિષ્ક્રિય ! એટલે 'હું' શરીરની ક્રિયાઓનો કર્તા નથી, પરંતુ મારા શુદ્ધાત્મા સ્વભાવની સ્વાભાવિક ક્રિયાઓથી 'હું' પ્રવૃત્ત છું. એટલે પેલી ક્રિયાઓથી નિવૃત્ત અને આ ક્રિયાઓમાં પ્રવૃત્ત ! અને આ સ્વભાવથી પ્રવૃત્તિ એ તો ચાલ્યા જ કરે, કોઈ દિવસ અટકવાનું હોય જ નહીં ને ! દેહ સૂઈ જાય તોય આ ક્રિયા તો સ્વભાવથી ચાલ્યા જ કરે ને ! સવારે દેહ જાગે ત્યારે દેહ **Active** અને પ્રવૃત્ત થાય ત્યારે એ પ્રવૃત્તિમાં આ નિવૃત્ત હોય પણ અંદર પાછો પ્રવૃત્ત જ હોય. એટલે રાત્રેય પ્રવૃત્ત અને દિવસેય પ્રવૃત્ત ! આ હાથ-પગથી જે બને છે, એને સારી રીતે જોવા-જાણવાનું !!

૪૦

'વિજ્ઞાન' એટલે શું ? તો કહે, પુદ્‌ગલ, પુદ્‌ગલના ગુણોથી અને સ્વભાવથી અને 'હું' મારા ગુણોથી અને સ્વભાવથી !

૪૧

'શબ્દ' એ પુદ્‌ગલપક્ષે છે, પણ એ પુદ્‌ગલનો ગુણ નથી, એનો સ્વાભાવિક ગુણ નથી, એ એનો વિભાવિક ગુણ છે.

૪૨

'વિજ્ઞાન' એટલે બીજું કશું નહીં, પણ 'આજ્ઞાધર્મ' મન-વચન-કાયાના **Context**માં બરાબર સમજાઈ ગયો હોય તો તે 'વિજ્ઞાન' ખુલ્લું કરે.

૪૩

અનુભવ એટલે **stability** (આંતરસ્થિરતા) ! એ શેની ? તો કહે, નિર્ભય, નિ:શંક સાથેની અસંગતા !

૪૪

'આજ્ઞાધર્મ' બીજું કશું નથી, પણ 'વિજ્ઞાન' સમજવાનું ઉત્તમમાં ઉત્તમ નિમિત્ત છે, આખા વીતરાગ-વિજ્ઞાનની સમજ અંદર ખુલ્લી કરે !

૪૫

બની ગયું તે અને બની રહ્યું છે તે બન્ને 'વ્યવસ્થિત' છે, પણ આપણને 'આજ્ઞાધર્મ' પ્રમાણે બની ગયા પછી તે 'વ્યવસ્થિત' છે એવું આપણને આજ્ઞાથી રહે ત્યારે એ આપણી આજ્ઞાની Sincerity કહેવાય.

૪૬

પોતાના પુદ્‌ગલથી જુદાઈ છે એટલે Naturality નથી આવતી.

૪૭

'વ્યવહારદષ્ટિ'થી હું નામધારી છું એવું નિઃશંકપણે રહેવું એમાં કાચું પડે છે, માટે આપણને પુદ્‌ગલથી જુદાઈ લાગે છે.

૪૮

જ્યાં આપણી સત્તા ચાલે છે અને વાપરી શકીએ એમ છીએ ત્યાં કોઈ વાપરતું નથી. જ્યાં જીવવાનો ભાગ છે ત્યાં કોઈ જીવી શકતું નથી.

૪૯

Positive સત્તાને જ 'સત્તા' કહેવાય. Negative સત્તાને 'સત્તા' કહેવાતી નથી.

૫૦

Sensitivity total નીકળી જવી જોઈએ, ત્યારે એ (File no-1) સહજ થાય. સહજ રહે તો જ એ પડોશીપણું જોડે ને જોડે રહે, પછી રાખવું ના પડે, આજ્ઞાધર્મ સહેજાસહેજ રહ્યા જ કરે, Relative અને Real at a time સાથે ને સાથે રહ્યા કરે. 'અનુભવ' ત્યાં આગળ છે !





૫૧

કળિયુગમાં કર્મ એ જ ધર્મ છે, પણ એ ક્યાં સુધી સાર્થક છે ? તો કહે, કે એ કર્મ આપણને અંદરથી હળવા રાખે ત્યાં સુધી એ ધર્મ છે અને ભાર થતો જાય એટલે અધર્મ થવા માંડે !

૫૨

જેવો અંત તેવી ગતિ ! તો ગતિ સુધરે એવું તો જીવન હોવું જોઈએ ને ?!

૫૩

આ દેશમાં જેનો ઓછી મહેનતે જીવનનિર્વાહ ચાલ્યા કરે છે એ બહુ પુણ્યશાળી કહેવાય.

૫૪

પોતે પહેલાં, File No-1 સાથે જીવવાનું છે, એનું ઠેકાણું નથી ! એ ક્યારેય પણ discourage ના થાય, નિરાશ થવાનો એને વખત ના આવે, માથે હાથ દેવાનો વખત ના આવે, પસ્તાવાનો વખત ના આવે, ત્યારે 'જીવ્યા' કહેવાય, નહીં તો એ બરાબર જીવ્યા ના કહેવાય.

૫૫

દરેક મનુષ્યના હાથમાં એક common સત્તા છે ! એ કઈ ? તો કહે, એ કુદરતી સત્તા છે ! એ કઈ કુદરતી સત્તા ? તો કહે, મનુષ્ય તરીકે જીવવાની !

૫૬

જેને કામમાં લાગવું હોય તેને મોહ ઓછો હોવો જોઈએ.

૫૭

'નિશ્ચય' અને 'સમર્પણ' વચ્ચે સંબંધ : 'સમર્પણ'માં જે સમર્પણ થાય છે એ વ્યવહારમાં જે નિશ્ચયપણું થઈ ગયેલું હતું એ નિશ્ચયપણું આખું યથાર્થ નહોતું, એટલે એ સમર્પણ થઈ જાય છે. શાના માટે ? તો કહે, યથાર્થ નિશ્ચયની પ્રાપ્તિ માટે !

૫૮

પુદ્ગલને sincere રહેવાનું એટલે શું ? તો કહે, નિશ્ચય કર્યો, ઉપયોગ ગોઠવ્યો, તો ઉપયોગથી રહેવાનું !

૫૯

વ્યવહાર-સમકિત ઓળખાય કેવી રીતે ? તો કહે, પોતે હળવા, સરળ અને વાળો તેમ વળે, જેમ હેમ (સુવર્ણ) એવા હોય, ઓછું બોલનારા હોય, વાણીનો ઉપયોગ એનાથી ગમે તેમ થાય જ નહીં !

૬૦

પ્રકૃતિ એટલે Discharge ભાગ. Discharge ભાગ એનો સ્વભાવ બતાવ્યા વગર રહે નહીં, એનું પરિણામ આવશે જ ! એ પરિણામમાં આવવું કે ના આવવું એ આપણા હાથની વાત છે.

૬૧

नाटक याने Temporary व्यवहार । जीतना जीवन है उतना व्यवहार ।

૬૨

पहले हम हमारी क़ीमत समज ले, फिर तो हम दूसरों की क़ीमत समज सकेंगे ।

૬૩

स्वास्थ्य से जो आखरी साँस तक healthy है वो सुखी है लेकिन आज वो नहीं बनता ।

૬૪

अभिप्राय के बिना, भावना कभी भी बनती नहीं, इस काल में ।

૬૫

अरिहंत भगवंत के सारे शत्रुओं का नाश हो गया । उसका मतलब वो हिंसा से नहीं, किन्तु प्यार से । शत्रु को नहीं किन्तु शत्रुता को मिटाना है । अगर शत्रुता खत्म हो गई तो वह शत्रु जिंदा रहा फिर भी वह अपने लिए वह शत्रु नहीं रहेगा, किन्तु मित्र बन जाएगा । सारे विश्व के मनुष्य उनके मित्र बन गए ।

૬૬

समाधि वो निर्वाण की शरूआत है ।

૬૭

बाह्य तप का फल पुण्य है और आंतरतप का फल मुक्ति है ।

૬૮

जो underhand को कभी भी डाँटता नहीं है उसका यह जगत में कोई Boss नहीं होता ।

૬૯

'प्रयोगी' स्वभाव से पुरुषस्वरूप है और 'प्रयोग' स्वभाव से प्रकृतिस्वरूप है । 'प्रयोग' और 'प्रयोगी' दोनो अलग थे, अलग है, और अलग ही रहेंगे ।

૭૦

'अवतार' वो ज्ञान के प्रकाश से बनता है, शरीर के जन्म से नहीं बनता, ऐसा लोग जानते नहीं है ।

૭૧

प्रेम का मतलब जहाँ अपेक्षा नहीं है, मनुष्य और मनुष्य के एक दूसरे के संबंध में मनुष्य के नाते रहना, बिना अपेक्षा, वहाँ मनुष्यप्रेम बताया । वहाँ ईश्वरशक्ति खुल्ली होती है ।

૭૨

धर्म उसके असल स्वरूप में 'विज्ञान-स्वरूप' है । विज्ञान-स्वरूप धर्म उसको बोलते है जो धर्म नकारात्मकता को accept नहीं करता ।

૭૩

लोकव्यवहार और ज्ञान प्राप्त किए हुए लोगो का ज्ञानव्यवहार वो अलग है । लोकव्यवहार वो 'भ्रांति' से होता है और ज्ञानव्यवहार वो 'दृष्टि' से होता है ।

૭૪

મહાત્માઓ 'જવાબદારીપણે' કેવી રીતે રહે ? તો કહે, વ્યવસ્થિત કર્તા અને સમભાવે નિકાલથી !

૭૫

આજ્ઞાધર્મથી મન-વચન-કાયાની એકતાએ કરીને રહેવાની મહાત્માઓની જવાબદારી છે.

૭૬

કાર્ય-કારણ સંબંધ શુદ્ધાત્માને લાગુ ના પડે.

૭૭

'મન'ના 'લેવલે' જ આપણે આપણા જનક માતા-પિતા છીએ.

૭૮

**'Opinion'**ના 'લેવલે' આપણે મનના જનક છીએ.

૭૯

'વીતરાગ' તો દશા છે. દશાનું અંતિમ પરિણામ કારુણ્યતા !

૮૦

પ્રકૃતિ સ્વભાવથી જ દોષિત છે ! એ દોષિત પ્રકૃતિ સાથે રહેવાનું, પણ એનો પક્ષ લેવાનો નહીં.

૮૧

આપણી વિશેષતા ખાલી થવી જરૂરી છે ! એમાં વ્યવહારદૃષ્ટિથી હું નામધારી છું એ વિશેષતા નીકળી જવી જોઈએ.







૮૨

આજ્ઞાધર્મ કહે છે કે આપણે બધાના છીએ છતાં કોઈના નથી ! બધાના છીએ એ શુદ્ધાત્મા-દૃષ્ટિથી અને કોઈના નથી એ એક 'નંબરી' તરીકે, એક 'નંબર'નો માલ !! એને 'નોરમલ' કહ્યો. **Above** કે **Below** થાય તો કોઈના થાય ને !

૮૩

આદ્યશક્તિ એટલે સ્વભાવમાં આવેલી પુદ્ગલની શક્તિ !

૮૪

સંજોગો ગમે તે આવે, પણ 'સમભાવે નિકાલ' !

૮૫

વ્યવહાર-વિજ્ઞાન એટલે ડગલે ને પગલે જે **problem** આવે એનું **solution** આવ્યા જ કરે.

૮૬

પાંચ મહાવ્રત પચેલાં હોય તેને 'આચાર્ય' કહેવાય. ક્રોધ-માન-માયા-લોભ ચારેય કષાયો એમને સારી રીતે મુંડાઈ ગયા હોય ત્યારે 'પાંચ મહાવ્રત પચ્યાં' કહેવાય.

૮૭

કોઈને પણ સારી રીતે ઓળખવા હોય તો કેવી રીતે ઓળખાય ? તો કહે, મનથી ઓળખેલાને ઓળખેલા ના કહેવાય, દિલથી ઓળખેલાને ઓળખેલા કહેવાય ! એમને દિલથી ઓળખવામાં એમનો વ્યવહાર વચ્ચે નથી આવતો.

૮૮

વ્યવહાર તો 'દર્શન'થી ચાલે, એમાં 'જ્ઞાન'ને કાંઈ લેવાદેવા નથી.

૮૯

અવસ્થાએ અવસ્થાએ કરીને 'લિંક'બદ્ધ પ્રતીતિ રહ્યા કરતી હોય તો એને

'અખંડ પ્રતીતિ' કહેવાય.

૯૦

'નવ કલમો' એ આજ્ઞાસ્વરૂપ નથી પણ એક સુંદર સત્‌સાધન છે, જે **causal** ભાગમાં ઘણું બધું કામ કરે છે.

૯૧

'આજ્ઞાધર્મ' એ મન-વચન-કાયાની એકતાનો સુંદર યોગ છે ! એ કારણ--સ્વરૂપ છે, એ તમને આજે નહીં વર્તાય.

૯૨

'વેદન' એને કહેવાય જે **Independent** પણે હોય, જેમાં પર અને પરાધીનપણું બિલકુલ ના હોય.

૯૩

પાંચેય આજ્ઞાઓમાં ત્રાજવાની દાંડી જેવી આજ્ઞા હોય તો તે ત્રીજી આજ્ઞા 'વ્યવસ્થિત'ની છે.

૯૪

ક્રિયામાત્ર આત્મહેતુ માટે જ હોવી ઘટે.

૯૫

'**Minus mark**'વાળા એટલે '**Real** દૃષ્ટિ' પ્રાપ્ત થયા પછી પણ **Relative** વસ્તુનો મોહ ના છોડે.

૯૬

સંસારરૂપી મહાસાગરમાં 'વ્યવસ્થિત'ની નાવમાં બેસી 'સમભાવે નિકાલ'રૂપી હલેસા મારી 'સંસાર-સાગર' તરી જવાનો છે.

૯૭

कृष्ण भगवान ने बताया, 'हमें दुष्टों का नाश नहीं करना हैं लेकिन दुष्टता का नाश करना हैं । व्यक्ति कभी बुरी नहीं होती, उसके अंदर (भीतर)







जो बुराईयाँ हैं, वे बुराईयाँ निकल जावे उस ढ़ंग का काम हमें करना हैं ।'

૯૮

**Be always in the present, all the time** । वो ही ज्ञान हैं, परम ज्ञान हैं और वो ही हमारी परमात्मदशा हैं ।

૯૯

'સમાધિમરણ' એ આપણી શાશ્વતતા સૂચન કરે છે, એટલે કે હું જે શાશ્વત સ્વભાવે છું એ જ મારું સમાધિમરણ છે !

૧૦૦

'હું કોણ છું' એ જાણવું તો મહત્ત્વનું છે જ, પણ એ મહત્ત્વનું ત્યારે જ છે, એ પરિણામસ્વરૂપ ત્યારે જ બને કે જ્યારે 'હું કોણ નથી' એ આપણે બહુ સારી રીતે સમજી શકીએ.

૧૦૧

સાત્ત્વિક પ્રકૃતિમાં પણ આ કાળમાં મન-વચન-કાયાની એકતા ના હોઈ શકે.

૧૦૨

વીતરાગતા એને જ કહેવાય કે કોઈનું 'વ્યૂપૉઈન્ટ', કોઈનું દૃષ્ટિબિંદુ એ નકારે નહીં, એમની નજરોમાં બધું જ સમાઈ જાય !

૧૦૩

લાગણી, એને પ્રેમ નથી કહેવાતો. પ્રેમને હૃદય જોડે સંબંધ છે; જ્યારે લાગણીને મથ્થા (માથા) જોડે સંબંધ છે !

૧૦૪

'पुरुष', मतलब जो कभी भी जीवन में नकारात्मक परिणाम से, नकारात्मक अभिगम से किसी भी बाबत में नहीं रहते, खास करके अपनी प्रकृति के बाबत में ।

૧૦૫

મન જ્યારે મુક્ત થયેલું હોય અને ભગવાનના વશમાં આવ્યું હોય ત્યારે જ ભગવત્ પ્રેમ ખુલ્લો થાય છે ! એ પ્રેમ બધે જ ફેલાય છે. એ પછી અંદર નથી રહી શકતો ! એટલે ''જ્ઞાની પુરુષ''નો અનુભવ આવો બહુ વિશાળ હોય છે.

૧૦૬

બધામાં એ પ્રેમ હાજર હોય છે, પણ જ્યારે ભગવાન મનને વશ હોય ત્યારે પ્રેમ સંકુચિત થઈ જાય છે, એ 'વ્યવહાર-પ્રેમ' કહેવાય.

૧૦૭

પરમાત્માનું વિરાટપણું એ પ્રેમનું વિરાટપણું છે ! એ જ્ઞાને કરીને જ છે, શરીરનું નથી. અહંકારરહિત દશાનું એ state છે !

૧૦૮

Body without egoism હોય ત્યારે એ 'Divine Body' કહેવાય.

૧૦૯

દૃષ્ટિનો પ્રકાશ એકલો જ્ઞાન વગરનો હોય જ નહીં. જ્ઞાન અને દૃષ્ટિ બન્ને એ જ્ઞાન-પ્રકાશ અને દર્શન-પ્રકાશ એ બે ભેગા કરો ત્યારે જ મુક્તિનો માર્ગ બને છે, નહીં તો બનતો નથી.

૧૧૦

દવા છે, એ દવા effective અને કામમાં સરખી ક્યારે નીવડે તો કહે, દુઆ સાથે હોય ત્યારે !

૧૧૧

વીતરાગતા તો સદેહે વીતરાગતાએ કરીને હોય ત્યારે જ એ વીતરાગસ્વરૂપ સમજી શકાય, નહીં તો ના સમજી શકાય.

૧૧૨

'દીક્ષા' એ દાન છે, સ્વભાવદીક્ષાનું, જ્ઞાનદીક્ષાનું ! આપણને અભયદાની દાતા મળે તો એમના થકી એ પ્રાપ્ત થાય. બાકી, એ દાતા બહુ દુર્લભ હોય છે !

૧૧૩

જે વ્યક્તિ કશું જાણતી ના હોય તે સહુથી ડહાપણમાં ડહાપણવાળી વ્યક્તિ કહેવાય.

૧૧૪

વ્યવહાર એટલે પ્રકૃતિનું વિશ્લેષણ ! એ શાના માટે ? તો કહે, જે પ્રકૃતિમાં પુરુષરૂપી ભગવાન આચ્છાદિત થઈ ગયેલા છે એમને શોધવા માટે પ્રકૃતિનું analysis કરવામાં આવે છે.

૧૧૫

Link એટલે સીધું જોડાણ ! એ Link ત્યારે જ કહેવાય કે જ્યારે એમાં કોઈ જાતની ક્ષતિ ના હોય, સીધેસીધું આવતું હોય.

૧૧૬

પ્રગટ ''જ્ઞાની''માં પરમાત્મબુદ્ધિ એ સમ્યક્દર્શન છે.

૧૧૭

શંકા પડવી પોતાના ઉપર એ જ મોક્ષમાર્ગની શરૂઆત છે, પરંતુ એ શંકાના પ્રકાર ઉપર આધાર રાખે છે.

૧૧૮

આપણે બીજાનું સુખ આંતરીએ તો આપણું સુખ અંતરાય ! એને 'અંતરાય-કર્મ' કહ્યું.

૧૧૯

'વિજ્ઞાન' એ 100% મારાપણાથી રહિત હોય, નહીં તો એ 'વિજ્ઞાન' ના કહેવાય.

૧૨૦

'સ્વભાવે' કરીને પોતાની અંતરદશા હોવી એને 'મોક્ષ' કહ્યો.

૧૨૧

જ્ઞાતપુત્ર એટલે જ્ઞાન પામેલા, અંતરાત્મદશા પામેલા ! જેમને માતા-પિતાની જરૂર નથી, એવા જન્મ પામેલા શુદ્ધાત્મા, ''જ્ઞાની''ની કૃપાથી જન્મ પામેલા !!

૧૨૨

આપણે પ્રાકૃત ધર્મથી જે કાંઈ કર્મકૃત સંસ્કારો લઈને આવ્યા છીએ તે 'ઝીરો' થઈ જવા જોઈએ, એટલે કે level થઈ જવા જોઈએ ! એ આજ્ઞાનું કામ છે.

૧૨૩

માન્યતાનો આખો ભાગ નીકળી જાય ત્યાર પછી દરઅસલ પુદ્ગલ, પુદ્ગલના સ્વભાવમાં પરિણમે.

૧૨૪

સમજણ એટલે આપણી stabilityનો ભાગ !

૧૨૫

આનંદનો સ્વભાવ જ એવો છે કે સમજીને સમજાય, એટલે કે આપણે સમજાવવા જઈએ તો ના સમજાવી શકીએ, પણ આપણે સમજી જઈએ તો ખરો સ્વાદ આવે.

૧૨૬

ક્રિયાથી કરાતા ત્યાગને 'પરિત્યાગ' ના કહેવાય, પરંતુ વર્તતા ત્યાગને 'પરિત્યાગ' કહેવાય.

૧૨૭

પ્રતિક્રમણનો process, એમાં આપણે પોતે જ અકર્તાભાવે આપણી વ્યવહારની શુદ્ધિ કરવાનો process છે.





પ્રગટ જ્ઞાની પુરુષ પરમ પૂજ્યશ્રી કનુદાદાજીની અનુભવ જ્ઞાનવાણી

૧૨૮

વ્યવહારના હિસાબ કુદરતી રીતે ચુકવાતા જાય છે ! એ પોતાની સત્તાથી ચુકવાતા નથી, નહીં તો 'અકામ નિર્જરા' જેવી ચીજ જ ના હોય.

૧૨૯

જ્યાં સુધી આપણું ગાંડપણ (આડાઈઓ) નીકળતું નથી ત્યાં સુધી 'દાદા'ની જે કૃપા છે એ કૃપા સરખી રીતે અંદરથી કામ કરતી નથી. કૃપા તો હાજર છે જ, પણ એને કામ કરતા થવું પડે અને એ કામ કરતા થવા માટે ગાંડપણનો ભાગ નીકળવો જ જોઈએ.

૧૩૦

વાણી, એ નિશ્ચયને પ્રસ્થાપિત કરે તો જ એ વાણી સાર્થક થાય, નહીં તો થાય નહીં કોઈ દિવસ, કારણ કે વાણી માત્ર વ્યવહાર છે. એ વ્યવહાર જ્યાં સુધી નિશ્ચયનું પ્રતિપાદન ના કરી શકે ત્યાં સુધી એ વ્યવહાર 'વ્યવહાર' છે જ નહીં. લોકભાષામાં જરૂર છે, પણ વીતરાગોની ભાષામાં નથી. આખું વાણીના વ્યવહારમાં, મનુષ્ય અને મનુષ્યત્વના ગુણો સાથે હોવું ઘટે, એવું એનું પ્રમાણ છે !

૧૩૧

'રિલેટિવ અંતરભાષા' જોડે 'રિયલ ભાષા'થી dealing કરવું એ 'સૂક્ષ્મતમ dealing' કહેવાય. જ્યારે એ સૂક્ષ્મતમ dealing શમન થતું જશે ત્યારે આપણો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ, એટલે કે જ્ઞાયક-સ્વભાવ પ્રકાશશે અને એ પ્રકાશમાં માલિકીપણું આખું નીકળી જશે પછી પોતે અંદર બોલવાપણે નહીં હોય અને વાણી એ Tape record સ્વરૂપે complete આપણા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવથી એ જોવા-જાણવા સ્વરૂપે રહ્યાં કરતી હશે !

૧૩૨

'દાદા' કોઈ દિવસ ગેરહાજર નથી રહેતા, એ ગેરહાજર રહી શકે જ નહીં.

૧૩૩

'વ્યવહાર' એ વ્યવહારની જગ્યાએ 'વ્યવહાર' જ છે, એ આપણે નથી

સમજતા. આપણે કંઈ વ્યવહારને 'વ્યવહાર' તરીકે રાખનારા છીએ ?

૧૩૪

'હકીકત' વાત જુદી છે અને 'મને લાગે છે' એ વાત જુદી છે. 'હકીકત', As it is યથાર્થ હોય અને લાગવાપણું એ સંયોગોના દબાણમાં થયેલી અસર છે.

૧૩૫

'કુદરત' નિમિત્ત પાછળ ઝૂમી ઊઠે છે ! એટલે કુદરતનું કામ શું ? તો કહે, પૂરી સત્તાથી ખીલવાનું ! તો કુદરત નિમિત્ત હોય ત્યાં પૂરી સત્તાથી ખીલે. ઝાડ-પાનમાં કેવી સરસ ખીલે છે !

૧૩૬

વેપાર શું છે ? તો કહે, શરીર ટકાવવા માટે જે પ્રવૃત્તિ બને છે એ બધો વેપાર બની જાય છે ! પરંતુ આપણે એકલી લક્ષ્મી-ઉપાર્જન માટે જે પ્રવૃત્તિ કરીએ છીએ એને જ વેપાર સમજીએ છીએ. અહીં આપણી મોટી ભૂલ થાય છે.

૧૩૭

વ્યવહાર, નિશ્ચયથી ના કરાય. વ્યવહાર તો વ્યવહારથી જ કરાય, પણ 'નિશ્ચય-દૃષ્ટિ' સાથે કરવાનો !

૧૩૮

વિનય હું કોને કહું ? તો કહે, ભયથી ગભરાય નહીં એને ! ભયે કરીને ગભરાય અને ગભરાટમાં ભયથી રહે એટલે એના કારણે થોડોક અંદરથી ઝલાયેલો રહે એટલે કુદરતી એને જ્યાં જેવી રીતે હોવું ઘટે એ રીતે ના રહી શકે.

૧૩૯

કુદરત સિવાય બધું અવસ્થા જ છે અને અવસ્થા છે એ બધી કુદરતી છે.

૧૪૦

શ્રમણનો અર્થ જ કુદરતીપણે વીતરાગ આરાધના કરવી.





પ્રગટ જ્ઞાની પુરુષ પરમ પૂજ્યશ્રી કનુદાદાજીની અનુભવ જ્ઞાનવાણી

૧૪૧

'સૂઝ' એ આત્માનો સીધો પ્રકાશ છે ! એ આત્માનો મૂળ પ્રકાશ નથી, પણ આત્માનો મૂળ પ્રકાશ સીધો નીકળી આવ્યો છે આવરણો through અને જે સૂઝ તરીકે કામ કરે છે.

૧૪૨

અનુભવની વાત સહુને માન્ય થાય, કારણ એ હૃદયસ્પર્શી હોય.

૧૪૩

હકારાત્મકપણાનું testing કેમનું થશે ? એ તો કસોટીએ ચઢે ત્યારે ખરું testing થાય.

૧૪૪

वीतरागों की भाषा में आग्रह उसे बताया गया है कि वहाँ ममत से—जो मत से बात समजी गई है, 'स्वमत' से, 'निजमत' से वही सच्चा है और वही दूसरों को सच्चा मनवाता है वो 'आग्रह' है ।

૧૪૫

પુનર્જન્મમાં માન્યતા એટલે જ મોક્ષ માટેની ઝંખના !

૧૪૬

શુદ્ધ ઉપયોગ એટલે આપણા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવથી, જ્ઞાયક-સ્વભાવથી આપણે પુદ્‌ગલના સર્વ ઉદય પરિણામોમાં, એના બધા જ નિકાચિતપણાના ઉદય પરિણામોમાં આપણે ના હોઈએ, આપણે જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવથી જ હોઈએ.

૧૪૭

'ભાવ-સંવર' એને કહેવાય કે જ્ઞાન-સ્વભાવથી, આપણા સ્વસ્વભાવથી પરભાવમાં આપણે પરભાવ સાથે પડોશી સંબંધે રહીએ છીએ એ સંબંધમાં પરભાવના બધા જ નિકાચિત કર્મ, નિર્જરાના બધા ઉદય પરિણામો આપણે સ્વભાવે કરીને ત્યાં આગળ એમાં પરભાવસ્વરૂપ પરિણતિ હોતી નથી અને પેલી નિર્જરાની પરપરિણતિ બન્યા કરે છે અને આપણા સ્વભાવે કરીને

સ્વપરિણતિ બન્યા કરે છે, એ 'ભાવ-સંવર' પરિણામ છે.

૧૪૮

ચારિત્ર ખુલ્લું થવું એટલે આપણી આત્મશક્તિઓનું સ્ફુરાયમાન થવું. આપણું આત્મવીર્ય સ્ફુરાયમાન થવું, એ વીતરાગચારિત્ર છે.

૧૪૯

ભગવાનની ભાષાના આંતરતપને 'પંડિત તપ' કહે છે.

૧૫૦

સંયમપર્યાયથી 'જિતેન્દ્રિય જિન' નથી થવાતું ! એ તો સ્થૂળ ક્રિયા છે.

૧૫૧

પ્રતિષ્ઠિત આત્મા એટલે અંતરનો કર્મવશ નિર્જરતો માનેલો આત્મા !

૧૫૨

પરમાણુઓની અશુદ્ધિ આજ્ઞાધર્મથી શુદ્ધ થઈ જશે. નિકાચિતપણાની અશુદ્ધિ નીકળી, એ પરમાણુઓ સ્વભાવમાં આવી જશે અને નિર્જરી જશે એને 'મહા-નિર્જરા' કહી.

૧૫૩

'જ્ઞાનાગ્નિ' જ એવો અગ્નિ છે જે પૌદ્‌ગલિક નિકાચિતતાને ક્ષય કરી શકે છે અને પુદ્‌ગલ શુદ્ધ કરી શકે છે.

૧૫૪

અવતાર એટલે જ્ઞાનનું દેહમાં પ્રગટ થવું !

૧૫૫

મુક્તિ એટલે દુઃખોનો અંત અને સનાતન સુખની પ્રાપ્તિ !

૧૫૬

અનંત સુખમય સ્થિતિ જે છે તે જ્ઞાન-પ્રકાશ અને દર્શન-પ્રકાશથી છે. જ્ઞાન-





પ્રગટ જ્ઞાની પુરુષ પરમ પૂજ્યશ્રી કનુદાદાજીની અનુભવ જ્ઞાનવાણી

-પ્રકાશ અને દર્શન-પ્રકાશ એ બે જુદા નથી, પરંતુ એ પ્રકાશની સ્થિતિઓ છે. દર્શન-પ્રકાશ એ પ્રાથમિક સ્થિતિ છે અને જ્ઞાન-પ્રકાશ એ અંતિમ છે. દર્શન--પ્રકાશ એ Undecided જ્ઞાન છે અને જ્ઞાન-પ્રકાશ એ Decided જ્ઞાન છે. દર્શન-પ્રકાશથી દેખાય અને જ્ઞાન-પ્રકાશથી જણાય. હવે દેખ્યા વગર તો જણાવાનું નથી ને !

૧૫૭

હવે આપણે કોઈને અનુકૂળ કરવા જવાનું નથી. શુદ્ધાત્મા-દૃષ્ટિનો વૈભવ જ એટલો બધો છે કે ગમે તેવો વિરોધી હોય પણ એ અનુકૂળ થઈ જશે.

૧૫૮

जहाँ घाटा है, वही मुनाफ़ा है ।

૧૫૯

देने में मुनाफ़ा है । लोग लेने में मुनाफ़ा समझते है तो कोई क्या करे ?! गलती किसकी है ?!

૧૬૦

ધર્મની એક જ ભાષા છે જે કેન્દ્રવર્તી છે. ધર્મ કોઈને ખોટા કહેતો નથી.

૧૬૧

વીતરાગમાર્ગ એ જ છે કે વ્યવહારમાં લઘુતા પ્રાપ્ત કરવી ! લઘુતા વ્યવહારમાં આવવી એને વીતરાગતા પ્રાપ્ત કરી કહેવાય, વીતરાગચારિત્ર પ્રાપ્ત કર્યું કહેવાય.

૧૬૨

'વિજ્ઞાન' એટલે સિદ્ધાંત, બીજું કશું નહીં.

૧૬૩

વ્યવહારનો મોક્ષ થાય છે એટલે Relative દેહનું પુદ્‌ગલ સંપૂર્ણપણે 100% સ્વતંત્ર થાય ત્યારે જ મોક્ષ કહેવાય, નહીં તો મોક્ષ નથી કહેવાતો અને

ચરમદેહની છેલ્લી શૈલેશીકરણની ક્રિયા સિવાય એ શક્ય નથી અને ત્યાં સુધી સિદ્ધગતિ શક્ય નથી.

૧૬૪

સ્વતંત્ર થયા પછી જ શુદ્ધ થાય ને ?!

૧૬૫

લઘુતા એટલે કર્તાભાવ આખો બુઝાતો જવો જોઈએ.

૧૬૬

'નિમિત્ત' એ કર્મવિપાક ઉદયમાં લાવે છે, નૈમિત્તિકપણે !

૧૬૭

'દાદા ભગવાને' કહ્યું કે પુનર્જન્મમાં માન્યતા એ જ ઉપાદાન જાગૃતિ છે !

૧૬૮

આખું જગત દ્રવ્ય ફેરવવા જાય છે. દ્રવ્ય એટલે વ્યવહારની રીતિ-નીતિ ! એમાં એક પરમાણુ જેટલો ફેરફાર કરવાની શક્તિ કોઈ ધરાવતું નથી. ફેરફાર ફક્ત 'ભાવ'માં જ થાય છે. આ બહુ મોટું 'વિજ્ઞાન' છે.

૧૬૯

विद्या उसे बोलते है जो घर के भीतर सभी को दुःख से मुक्ति दिलवाए खुद के साथ ।

૧૭૦

शुद्धात्मा केवल सुखवाला है, वहाँ दुःख स्पर्श ही नहीं कर पाता । अगर बरफ की लादी को अग्नि जला सके तो शुद्धात्मा को दुःख स्पर्श कर सके ।

૧૭૧

**'Sutra' means facts.**



૧૭૨

'અધર્મ' એ વહેલો બોલે અને 'ધર્મ' એ પ્રકાશમાં આવતા વાર લાગે, પણ બહાર આવે છે જરૂર, એના 'ટાઈમે'.

૧૭૩

दुःखवाली परिस्थिति उसे ही बंधन बोलते है ।

૧૭૪

વિજ્ઞાનદૃષ્ટિ એટલે **Fact vision** ! એ **Factual** સ્વરૂપે બધું જ જોઈ શકે છે. **World**નું બધું જ **happenings 'world happening'** તરીકે જોઈ શકે છે અને પોતે પોતાના સ્વભાવનું સ્વ-પર પ્રકાશક સ્વભાવપણે હોવાપણું પણ એ પોતે જોઈ શકે છે સારી રીતે. પોતે સ્વભાવથી જ એ પ્રમાણે 'જોનાર' છે, એટલા માટે ! પોતે જ 'જોનાર' હોય તો પોતાને ના જોઈ શકે ?

૧૭૫

''જ્ઞાની પુરુષ'' એ જ મારો આત્મા છે ! હવે ''જ્ઞાની પુરુષ''ને તમે જુઓ છો દેહથી, તો દેહને આત્મા કેવી રીતે કહી શકો ? જ્યારે ''જ્ઞાની પુરુષ''ને તમે જુઓ ત્યારે વ્યવહારથી ''જ્ઞાની પુરુષ'' તરીકે જુઓ અને નિશ્ચયથી પરમાત્માનું સાક્ષાત્‌સ્વરૂપ જુઓ છો. હવે સાક્ષાત્‌સ્વરૂપ એ તો નિરાકાર છે અને નિરાકાર તમે કેવી રીતે જોઈ શકો ? એ તમે સમજી શકો તમારી નિરાકાર દૃષ્ટિથી ! એ જ ઊંચામાં ઊંચો નિદિધ્યાસનનો પ્રકાર છે.

૧૭૬

તત્ત્વસ્વરૂપે 'પુદ્‌ગલ' અને 'શુદ્ધાત્મા' બન્ને અનંત શક્તિવાન છે, પણ એકબીજાના વિરોધી નથી, પોતપોતાના સ્વભાવમાં છે !

૧૭૭

''જ્ઞાની પુરુષ''ને 'અમર્યાદ-મર્યાદા'વાળા કહ્યા. એમાં 'અમર્યાદ' ભાગ છે તે તત્ત્વમાં જાય છે અને 'મર્યાદ' ભાગ એ વ્યવહારમાં જાય છે. 'અમર્યાદ' એ ગુરુતમભાવ છે અને 'મર્યાદ'વાળા એટલે લઘુતમ !

૧૭૮

'સમર્પણતા' એ આઝાદી પ્રાપ્ત કરવા માટે જ હોય છે, નહીં તો હોઈ શકે જ નહીં.

૧૭૯

'જોવા'ની ક્રિયા એ અવસ્થા છે, એ વ્યયસ્વરૂપ છે; જ્યારે 'સ્વભાવ' એ ધ્રુવસ્વરૂપ છે.

૧૮૦

સાધકદશા એટલે સાધ્ય (Ultimate goal) હાથમાં આવી ગયું, કે 'હું શુદ્ધાત્મા છું' ! છેલ્લું 'સ્ટેશન' !!

૧૮૧

અહંકાર નુકસાનકર્તા છે એ ખબર પડે એટલે બધું સુધરવા માંડે.

૧૮૨

અંદર કષાયો ના હોય તો બહાર સીધા હોય !

૧૮૩

**Science just makes one understand everything as it is, Alive and Non-live both !**

૧૮૪

**Happiness of lasting nature is called Bliss ! It keeps us always at peace, in all situations of life, irrespective of the nature of the situation.**

૧૮૫

ગયા જન્મમાં મનના 'લેવલે' જે ભોગવ્યું તે એનો ભોગવટો તે આ જન્મમાં ભોગવાઈ રહ્યો છે, એટલે ભોગવાયેલું જ ભોગવાઈ રહેલું છે અને કહે છે કે, 'હું ભોગવું છું !'





૧૮૬

'પ્રયોગ' અને 'વિજ્ઞાન'નું **connection** : 'પ્રયોગ' એને કહેવાય જે બની રહેલો છે અને 'વિજ્ઞાન' એને કહેવાય કે બની રહેલું છે એને 'જોનાર' જુદો જ હોય અને બની રહેલું બની જતું હોય !

૧૮૭

'ઉપયોગ' એ દશાનું પરિણામ છે.

૧૮૮

**Freedom** હંમેશાં **Total freedom** હોય, **Freedom partial** હોઈ શકે જ નહીં.

૧૮૯

**'Opinion free'** ક્યારે થઈ શકે ? તો કહે, માનેલું 'હું' એના **attachment**વાળા 'હું'થી **free** થઈ શકે તો જ !

૧૯૦

જેને નમાવવા હોય તે નમે બધા, નમાવતા આવડવું જોઈએ. નમાવતા કોને આવડે ? તો કહે, નમી જાણે તેને, બીજાને ના આવડે ! નમ્યા વગર તો કેમનું નમાવી શકે ?

૧૯૧

આપણે પોતે જ આપણા માર્ગમાં આંતરા પાડેલા, તે આપણા માર્ગમાંથી એ આંતરા નીકળવામાં આપણે જ નિમિત્ત બન્યા, એટલે આપણા જ પુરુષાર્થથી બન્યા ને !

૧૯૨

કોઈ પણ કાર્ય **heartily** ન થવાનું કારણ શું ? તો કહે, આપણે આપણી મન-વચન-કાયાની 'કંપની' સાથે **Best company** રાખી શકતા નથી ! **Company means File no-1.**

૧૯૩

'આપણે' છીએ એ 'બધા' છે, અને 'બધા' છે એ 'આપણે' છીએ ! પછી ભેદ જ ક્યાં રહ્યો ? આપણી જોડે કોઈને ગમે તે ભેદ રહેતો હોય પણ ભેદ આપણને ના રહી શકે. જેને જે ભેદ તેને તે, પણ 'આપણા' માટે તો કોઈ છે જ નહીં ને !

૧૯૪

પરમ વિનય શરીરથી નહીં, પણ દિલથી હોય.

૧૯૫

દિલથી દિલની અભેદતા કોઈને વાંધો ના કરે.

૧૯૬

આજે મનથી જુદો પડેલો હોય, વાણીથી જુદો પડેલો હોય, પણ દિલથી જો એવા પુણ્યશાળી હોય અને એવું સુંદર દિલ હોય તો દિલથી જુદા ના પડવા ચાહે તો ના પડી શકે, એનું તો કામ જ થઈ ગયું, એનો તો મોક્ષ જ થઈ ગયો ! એને કોણ બાંધી શકે ?

૧૯૭

જીવન એ જીવન હોઈ શકે જ નહીં, જો વ્યવહાર હોત નહીં તો.

૧૯૮

વ્યવહાર, વ્યવહારની રીતે, વ્યવહારથી છે જીવનમાં, એ જીવન 'સમજણ-પૂર્વકનું જીવન' કહેવાય.

૧૯૯

જેટલી પ્રકૃતિ ઓળખાય એટલી પછી વશ થયા કરે !

૨૦૦

આ મન-વચન-કાયાથી જિવાતું જીવન બીજું કશું નથી પણ ઋણ છે. 'ઋણ' એ ઉધારી કમાણીવાળું સાધન છે, એનાથી જિવાય છે.



પ્રગટ જ્ઞાની પુરુષ પરમ પૂજ્યશ્રી કનુદાદાજીની અનુભવ જ્ઞાનવાણી

૨૦૧

जो 'दिव्य जीवन' बोला जाता है उसमें शरीर होते हुए भी यह शरीर से लगाव नहीं और फिर भी 'हम' है, ऐसा जीवनव्यवहार बनता रहे ।

૨૦૨

આપણાથી કોઈને દુઃખ થાય તો 'વેપારમાં ધર્મ ના રહ્યો' કહેવાય, પણ આપણાથી કોઈને સુખ થાય તો 'વેપારમાં ધર્મ રાખ્યો' કહેવાય, એ ઉધારી ધંધામાંયે ધર્મ થયો !

૨૦૩

સંયોગ સંબંધ એટલે સગાઈ સંબંધ નહીં તે, એટલે ઋણ-અનુબંધ ! સંયોગ સંબંધ એટલે સંયોગ પૂરતો જ.

૨૦૪

વિનય એટલે બીજું કશું નહીં પણ સ્વભાવધર્મે કરીને પરધર્મની પૂરેપૂરી દરકાર, પરધર્મમાં ક્યાંય નિષ્કાળજીપણું નહીં !

૨૦૫

**Inner Science** એટલું જ છે કે પોતે 'જોનારો' પોતાને જુએ છે. અહીં 'જોનારા'નો અર્થ સ્વ-પરપ્રકાશક ! સ્વયં જ્યાં સુધી 'જોનાર' તરીકે હોઈ શકે નહીં ત્યાં સુધીનું જોવાપણું એ પરાધીનપણે જોવાપણું છે. પરાધીનપણે એટલે સંયોગાધીનપણે. સંયોગાધીનપણે એટલે **Scientific Circumstantial Evidence** પણે !

૨૦૬

'સમભાવે નિકાલ' એ 'રિયલ-રિલેટિવ' કહેવાય, એ પુરુષાર્થ છે.

૨૦૭

માર ખાવાથી જ સમજણ ખુલ્લી થાય છે.

૨૦૮

ચારિત્ર એટલે મન-વચન-કાયાનું વર્તનાસ્વરૂપ થઈ જવું તે, એટલે કે મન--વચન-કાયાનો ઉદયસ્વરૂપ ભાગ આખો વર્તનાસ્વરૂપ થઈ જવો તે. 'ચારિત્ર' એ પુદ્ગલભાગમાં નથી ગણાતું, એ આત્મભાગમાં ગણાય છે.

૨૦૯

ચારિત્રશુદ્ધિ એ વ્યવહારશુદ્ધિનો જ માર્ગ છે, જ્ઞાનશુદ્ધિનો માર્ગ નથી.

૨૧૦

જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એ કેવળસ્વરૂપ થઈ જવું એ 'ચારિત્ર' કહેવાય, એટલે કે હું કેવળ શુદ્ધાત્મા છું !

૨૧૧

**Present time for everybody** બિના અપવાદ **constant** પ્રતિક્રમણ માગે છે, એટલે જેટલો પણ 'ટાઈમ' પ્રતિક્રમણમાં **utilize** કરો **that is your cash earning, that is Shuddhatma's Account, 5th Agna !**

૨૧૨

''જ્ઞાની''ના વચનો આપણને અંદર બોધસ્વરૂપ થવાં જોઈએ. એ બોધસ્વરૂપ થવા માટે સતપુરુષની હાજરી જોઈએ ! એમની હાજરી વગર બોધસ્વરૂપ પરિણામ પામવું મુશ્કેલ છે. હાજરી એટલે નિમિત્ત ! નિમિત્ત એટલે બોધસ્વરૂપ થવામાં તમને કશી જ ડખલ ના થાય અને સીધેસીધું બોધસ્વરૂપ થઈ જાય. એ 'હાજરી' કહેવાય !

૨૧૩

'પુરુષ' એટલે **100% Independent** !

૨૧૪

આપણી મહીં પુણ્યાનુબંધી પુણ્યનો ભાગ બહુ ઓછો છે અને બાકીનો બધો જે જથ્થો છે તે ઉધારી માલનો છે. હવે ઉધારી માલ કોને કહેવાય ? તો કહે,







અતિક્રમણી માલ બધો 'ઉધારી માલ' કહેવાય ! અતિક્રમણી એટલે એ માલ હજી પ્રતિક્રમણ કરીને ચોખ્ખો નથી થયો. એ અતિક્રમણી માલને કારણે અંતઃકરણમાં જે દ્રવ્યકર્મો છે એ ભોળાં નથી, કાઠાં છે, એના કારણે અંદર સરળપણું ના રહે આપણને, એટલે સીધાપણે લેવાના વ્યવહારમાં સીધાપણે ના રહેતાં વાંકાપણે હોઈએ આપણે !

૨૧૫

પારિણામિક ભાવ કોને કહેવાય ? તો કહે, આપણે સ્વભાવપ્રાપ્તિથી, સ્વભાવે કરીને આજ્ઞાધર્મથી સ્વભાવપરિણામમાં રહીએ તે !

૨૧૬

આજ્ઞાધર્મથી 'સમભાવે નિકાલ'માં આપણને 'વ્યવસ્થિત'ની આજ્ઞા **exact** રહે તો તે વખતે પારિણામિક ભાવ હાજર રહે જ ! તે વખતે ખુલ્લો થાય અને પછી સહેજાસહેજ રહ્યાં કરે.

૨૧૭

પારિણામિક ભાવ એટલે ઉઘાડું ચેતન !

૨૧૮

શબ્દ કામ નહીં કરે પણ સમજણ ખીલી હશે તે કામ કરશે, એ સ્વભાવધર્મ, પારિણામિક સ્વભાવ !

૨૧૯

આપણો 'અસંયોગી સ્વભાવ' એને જ 'કલ્યાણભાવ' કહ્યો.

૨૨૦

'મનુષ્ય' માણસ જેવો માણસ છે તો એક કામ તો કરે જ કે પોતે પોતાને જરાય કષ્ટ ના આપે ! હવે એ ક્યારે બને ? તો કહે, પોતે પોતાના સ્વભાવથી હોય તો જ ! હવે એ ક્યારે હોય ? તો કહે, કષ્ટ જેને નથી આપવાનું એને પણ એના સ્વભાવથી જાણે તો જ !

૨૨૧

વિભાવ એટલે અંદરમાં સુખ માટે બાથોડિયાં મારવાં.

૨૨૨

આધ્યાત્મિક ક્ષેત્ર એટલે શું ? તો કહે, આંતરિક સુખની શોધની બાબતમાં કે જીવન એ આંતરિક સુખના આધાર ઉપર રહેલું છે.

૨૨૩

કુતપ એટલે શું ? તો કહે, આપણને આ જે કુદરતી રચનાસ્વરૂપ શરીર મળ્યું છે તે શરીરથી આપણે અકુદરતી રીતે શરીર સાથે રહીએ.

૨૨૪

સેવાનો મોટામાં મોટો Principle શું છે ? તો કહે, પોતે પોતાના કામમાં લાગે તે બધાના કામમાં આવે જ !

૨૨૫

દુઃખ એટલે શું એ સમજવા માટે વ્યવહારને સારી રીતે સમજવો પડશે ! અને ખરેખર જો સાચું દુઃખ કોને કહેવાય એ સમજાયું તો દરેકનાં જીવનમાં એના માનેલા દુઃખની પરિભાષામાં પણ એના માનેલા અને કલ્પેલા બધા દુઃખો ખલાસ થઈ જશે.

૨૨૬

‘અદીઠ તપ’ એ અમૂર્ત દૃષ્ટિથી જ દેખાય એવું છે.

૨૨૭

‘હાજરી’ શબ્દ એ ‘સ્વભાવ હાજરી’ને કહેવાય છે, એટલે કે સ્વભાવે કરીને જે હાજર હોય સર્વસમક્ષ, વ્યવહારથી ! તેઓ બધાની જોડે વ્યવહારમાં વ્યવહારપણે હોવાના સમયે અને અવસ્થાઓએ એ પરિસ્થિતિઓમાં એ અંતરથી વર્તમાનસ્વરૂપે હોય છે. પોતાના સ્વભાવમાં અને બાહ્યમાં એ વ્યવહારથી વ્યવહારસ્વરૂપે જ વ્યવહારની રીતે વ્યવહારમાં જ રહ્યાં કરે !



પ્રગટ જ્ઞાની પુરુષ પરમ પૂજ્યશ્રી કનુદાદાજીની અનુભવ જ્ઞાનવાણી

૨૨૮

‘યથાખ્યાત ચારિત્ર’ એ કેવળજ્ઞાનને સ્પર્શેલી ભૂમિકા કહેવાય, એ બારમા ગુણસ્થાનમાં જ ખુલ્લું થાય છે. યથાખ્યાત ચારિત્ર એટલે સ્વભાવનું સ્વ-ભાવમાં જ પરિણમન અને પરભાવનું પરભાવસ્વરૂપે, પરભાવથી પરભાવે જ પરિણમન !

૨૨૯

નિશ્ચય એટલે શું ? તો કહે, ચેતનની પ્રત્યક્ષતા !

૨૩૦

‘સમજણ’ આપી શકતા હોય તો જ તે ‘ગુરુ’ કહેવાય ! એવા ગુરુ વ્યવહારમાં ‘તરલ’ સ્વભાવી હોય.

૨૩૧

કુદરતી વેપાર કોને કહેવાય ? તો કહે, અરસપરસનો વ્યવહાર એને ‘કુદરતી વેપાર’ કહ્યો.

૨૩૨

આત્મપ્રાપ્તિ પછીનો શરીર જોડેનો જે વ્યવહાર રહ્યો એને આપણો ‘પોતાનો વ્યવહાર’, ‘ભગવત્ વ્યવહાર’, ‘આજ્ઞાધર્મનો વ્યવહાર’ કહ્યો.

૨૩૩

‘‘જ્ઞાની પુરુષ’’ને વચનબળ હોય છે ! એ વચનબળ ક્યારે હોય ? તો કહે, જ્યારે માલિકીભાવ પૂરેપૂરો નષ્ટ થયો હોય ત્યારે જ ! અને માલિકીભાવ નષ્ટ ત્યારે જ થાય કે જ્યારે અરસપરસના વ્યવહારથી મુક્ત થાય, એટલે કે પોતાનો જે પોતીકો વ્યવહાર છે એ નિર્મળ, સ્પષ્ટપણે ચોખ્ખો થઈ અને અનુભવપ્રમાણથી stable થઈ દશાસ્વરૂપે ખુલ્લો થયો હોય તો જ.

૨૩૪

પ્રત્યક્ષ એટલે વ્યક્તિ પર નથી જતું, પણ ‘દશા’ પર જાય છે. ‘દશા’ની હાજરી એ પૌદ્ગલિક નથી છતાં પૌદ્ગલિક હાજરી સાથે છે.

૨૩૫

ક્ષમાનો ગુણ એ આત્મપક્ષીનો ગુણ છે.

૨૩૬

સહજક્ષમા એટલે વિના પ્રયત્ને ક્ષમા, એટલે કે એમને કરવી ના પડે.

૨૩૭

‘નિમિત્ત’ તમારી અંદર કશી ડખલ કરે નહીં, એટલે પછી તમારામાં ડખો જ કેમનો ઊભો થાય ?!

૨૩૮

ક્ષાયક એટલે મોહને આચ્છાદિત કરનારી જે પ્રકૃતિ હતી તે પ્રકૃતિ ક્ષય થઈ.

૨૩૯

નિશ્ચયના અભાવમાં વ્યવહાર એ ભ્રાંતિસ્વરૂપ રહ્યાં કરે છે. એ ભ્રાંતિસ્વરૂપ વ્યવહાર એ વળગણસ્વરૂપ છે ! એને ‘આંધળો વ્યવહાર’ કહ્યો.

૨૪૦

જેટલું આપણું પોતાની પ્રકૃતિનું ઓળખાણ પડ્યું એટલું જ ભગવાનનું સ્વરૂપ ઉઘાડું થયું.

૨૪૧

‘વ્યવસ્થિત શક્તિ’ એટલે નિમિત્ત અને નિમિત્તના કારણે નૈમિત્તિકપણે આખું જગતનું જગતપણે હોવાપણું !

૨૪૨

પોતાની પ્રકૃતિનો જેમ અભ્યાસ થાય તેમ બીજાની પ્રકૃતિનો અભ્યાસ થશે, એટલે બીજાની પ્રકૃતિનો અભ્યાસ તટસ્થપણે થશે. તે વખતે તમે અભિપ્રાય-સ્વરૂપ ન હોતા તટસ્થસ્વરૂપે હશો ! એવું બન્યા કરશે ત્યારે તમારામાં નિર્દોષિતા થોડીક નજરમાં આવશે. ત્યાં સુધી એ ‘રિલેટિવ દૃષ્ટિ’માં, ‘રિલેટિવ વ્યૂ-પૉઈન્ટ’માં નિર્દોષિતા નહીં ખુલ્લી થાય !





૨૪૩

આપણને પહેલી આજ્ઞા મળી છે કે ‘વ્યવહારથી હું નામધારી છું’ એ પાકે પાયે ‘હું વ્યવહારથી જ છું’ એ **100%** પાકું થવા માટે છે. એ જે દિવસે **100%** પાકું થઈ જશે તે દહાડે કેવળજ્ઞાન થઈ જશે ! અને તેય અરસપરસના વ્યવહાર સાથે, હં !!

૨૪૪

‘ધર્મ’માં ‘વિજ્ઞાન’ સમાઈ શકે નહીં, પરંતુ ‘વિજ્ઞાન’માં ‘ધર્મ’ સમાઈ શકે છે. ‘વિજ્ઞાન’ ‘ધર્મ’ સાથે હોઈ શકે, પરંતુ ‘ધર્મ’ ‘વિજ્ઞાન’ સાથે ના હોઈ શકે, કારણ કે ‘ધર્મ’ કર્તાભાવે રહેલો છે. ‘ધર્મ’ એ ક્રિયાથી છે અને માટે એ દ્વંદ્વાત્મક ગુણે કરીને છે.

૨૪૫

‘આત્મા સો પરમાત્મા’ એટલે આત્મા પ્રાપ્ત થયા પછી એ પરમાત્માદશા તરફના પ્રયાણના **process**માં આવી ગયો.

૨૪૬

આજ્ઞાધર્મમાં ક્ષપકશ્રેણી સમાયેલી છે. ક્ષપક એટલે શું ? તો કહે, સમભાવે નિકાલ એ ક્ષપકશ્રેણીમાં જ જાય છે ! ‘સમભાવે નિકાલ’ એ આજ્ઞાપ્રમાણથી, આજ્ઞાધર્મે કરીને ‘વ્યવસ્થિત શક્તિ’ જ કર્તા છે અને ‘હું’ શુદ્ધાત્મા-દૃષ્ટિએ કરીને પ્રજ્ઞાની જ્ઞાયક-સ્વભાવની જ્ઞાતા-દૃષ્ટા શક્તિથી જ્ઞાતા-દૃષ્ટા માત્ર છું !! એટલે ‘સમભાવે નિકાલ’ થતી ક્રિયામાં ત્યાં આગળ એ ક્રિયામાં નથી, એને ‘ક્ષપકશ્રેણી’ કહી. એ ‘ક્ષપકશ્રેણી’માં પોતાપણું આખું ખલાસ થતું જાય છે ! આ ગજસુકુમારની કઠિનતમ સમ હું કેવળજ્ઞાન-સ્વરૂપ છું જેવી પરંતુ અદ્‌ભુત કારણ-સ્વરૂપ એવી શ્રેણી છે.

૨૪૭

એવું શું છે કે જેનો ‘સમભાવે નિકાલ’ ના થઈ શકે ? તો કહે, ટેવોનો સ્વભાવ !

૨૪૮

‘દૃષ્ટિ’ પોતાનું સ્થાન છોડે નહીં. સ્થાન શાથી ના છોડે ? કારણ કે એ સ્વભાવ-દૃષ્ટિ છે, માટે સ્વભાવે કરીને સ્થાન ના છોડે. તો જ એ ‘દૃષ્ટિ’ કહેવાય, નહીં તો એ ‘દૃષ્ટિ’ ના કહેવાય !

૨૪૯

સમાધિ એટલે ઉઘાડી આંખે સાહજિકતા, પાંચેય ઈન્દ્રિયોની સંપૂર્ણ સભાનતામાં સાહજિકતા !

૨૫૦

ક્રમબદ્ધ હોય એને જ ‘ઉદયકર્મ’ કહેવાય છે.

જય સચ્ચિદાનંદ



## ‘નિશ્ચય નિયમન’

હે ‘દાદા ભગવાન’ ! આજના દિવસે હું દૃઢ નિર્ણય ‘નિશ્ચય’ કરું છું કે આપે જે ‘દિવ્યચક્ષુ’ આપેલા છે તેનાથી ‘રિલેટિવ’ અને ‘રિયલ’ વ્યૂપૉઇન્ટ’થી જ જોવાય એવી શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.

હે ‘દાદા ભગવાન’ ! ઉદયકર્મ આજે ફળ આપવાને માટે તૈયાર થયું છે, તે પ્રમાણે ‘વ્યવસ્થિત શક્તિ’ સંયોગો ભેગા કરશે, પણ મારા પાછલા અજ્ઞાનની ચિકાશને કારણે તે સંયોગોમાં મારાપણું, ‘પોતાપણું’ કરાવશે, મનાવવા જશે, પણ મારો આજ્ઞાધીનપણે એવો દૃઢ નિર્ણય ‘નિશ્ચય’ છે કે ‘શુદ્ધાત્મા સ્વભાવ’થી હું કોઈ પણ ક્રિયાનો કર્તા નથી, હું ‘અકર્તા’ જ છું અને ‘વ્યવસ્થિત શક્તિ જ કર્તા છે’, ‘વ્યવસ્થિત શક્તિ’માં ડખોડખલ ના કરું એવી હે ‘દાદા ભગવાન’ ! હે શુદ્ધાત્મા ભગવાન ! મને શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો. સંયોગોને વીતરાગદૃષ્ટિથી જોવાની શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.

હવે તો એક જ લક્ષ છે કે જે જે **accounts feed** થયા હશે તે પ્રમાણે દિવસ દરમિયાનમાં બધા **accounts**નો—‘ફાઈલોનો સમભાવે નિકાલ’ કરવો છે. ‘દાદા’ ! શક્તિ તમે આપો.

હવે ‘શુદ્ધાત્મા’નું ખાતું એ જ મારું ખાતું છે. ‘આપે’ જે ‘દિવ્યચક્ષુ’ આપેલા છે તેનાથી જ ‘જોવા-જાણવાની’ શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો અને ‘જોવા--જાણવાનું’ ચુકાય તો **Shoot-On-Sight** પ્રતિક્રમણ કરવાની શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો અને મારાથી પ્રમાદવશ અજાગૃતિએ કરીને ‘જોવા-જાણવાનું’ ચુકાય તો તે બદલ યથાર્થ આલોચના, પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કરવાની શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.

‘મારું સ્વરૂપ દ્રવ્ય, ગુણ, અવસ્થાથી શુદ્ધ છે’ તે અનુભવમાં વર્તાય એવી શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો. અમારા શ્વાચ્છોશ્વાસ ‘દાદા ભગવાન’ માટે ‘આજ્ઞાધર્મ’થી જ વપરાય એવી શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો. અમારી ‘આજ્ઞાધર્મ’-ભક્તિ મન-વચન-કાયાની એકતાના દૃઢ નિર્ણય ‘નિશ્ચય’થી ચરમ-સીમાની પૂર્ણતાને પામે એવી શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.

પરમ પૂજ્ય શ્રી કનુદાદાજી, **USA-2002**